
શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૬૫૮

# ગોપીચંદ

1600064



સંપાદન:

ગિજુભાઈ
તારાબેન

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૬ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ગોપીચંદ

: લેખિકા :

લીલાવતીબેન

卐

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૪]

*

: પ્રકાશક :

ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

: મુદ્રક :

જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)


* * *

બાલસાહિત્યમાળાનાં

રૂ. ૭–૫૦

દરેકની કિંમત બત્રીસ નયા પૈસા

આર. આર. શેઠના મુ. મુંબઈ–૨.

(આખા સેટના રૂ. ૨૫–૦૦)

ટપાલ ખર્ચ જુદું

*

કુલ નકલ ૧૫,૦૬૫


| | | |
|---|---|---|
| પહેલી આવૃત્તિ | બીજી આવૃત્તિ | સાત મુદ્રણ |
| ચાર મુદ્રણો | ૭ મુદ્રણો | ૧૧૫૦ નકલ |
| કુલ ૫૪૬૫ | ૮૪૫૦ નકલો | ૯–૧–૬૪ |

# ગોપીચંદ

:૧:

બંગાળા પ્રાંતમાં તિલકચંદ નામે એક રાજા હતો. તેને મીણલદે નામની રાણી હતી. બન્ને બહુ ભલાં. પણ રાણીને એકે ય કુંવર નહોતો. ઘણાં વરસો વીત્યાં પણ બંગાળાની ગાદીનો વારસ જન્મ્યો નહિ.

રાણીએ રત્નાકરનાં વ્રત આદર્યાં. બાર

બાર વરસનાં વા'ણાં વાયાં. આખરે રત્નાકર પ્રસન્ન થયા.

રત્નાકર બ્રાહ્મણને વેશે રાણી પાસે આવ્યા ને કહ્યું : "માગો માગો, મીણલદે ! જે માગો તે આપું. હું પ્રસન્ન થયો છું."

રાણી કહે : "દેવ ! તમે પ્રસન્ન થયા હો તો બંગાળાની ગાદીનો વારસ આપો. મારે બીજું કાંઈ ન જોઈએ."

રત્નાકર કહે : "તથાસ્તુ ! રાણી ! તમારે એક પુત્ર થશે. એ સિવાય તમને આ એક અમૂલ્ય રત્નનો હાર આપું છું."

એમ કહી રત્નાકરે એક હાર રાણીની ડોકમાં નાખ્યો. પછી પોતે અંતર્ધાન થયા.

રાણીનો હરખ ક્યાંઈ માય નહિ. હરખમાં ને હરખમાં રાણી રાજમહેલમાં આવ્યાં ને ખાવા પીવા ને આનંદ કરવા લાગ્યાં.

નવ માસ પૂરા થયા; રાણીએ એક પુત્રને જન્મ આપ્યો.

રાજાએ દેશદેશના જોશીઓને તેડાવ્યા,

ને કુંવરના જોશ જોવરાવવા બેઠા. કુંવરના જોશ જોઈને જોશીઓએ માથું હલાવ્યું.

રાજા સામે બેઠા હતા. તેમને વહેમ પડ્યો. તેમણે કહ્યું: "જોશી મહારાજ! માથું કેમ હલાવ્યું?"

જોશી કહે: "કાંઈ નહિ, મહારાજ!"

રાજા કહે: "ના, જેવું હોય તેવું કહો. નહિતર ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ."

જોશી કહે: "આપને મારવા ઘટે તો મારજો અને જિવાડવા ઘટે તો જિવાડજો. પણ જે જોશમાં આવે તે જોવાય. આ કુંવર જ્યારે સોળ વરસના થશે ત્યારે રાજપાટ છોડીને ચાલ્યા જશે, એવું અમારા જોશમાં આવે છે. એનું નામ ગોપીચંદ પાડજો."

રાજાએ તેમને સારી દક્ષિણા આપી રાજી કર્યા. જોશીઓ સૌ સૌને ઘેર ગયા.

: ૨ :

જાલંધરનાથે બાર બાર વરસનાં મુનિવ્રત લીધાં છે. એક ઝાડીમાં બેસીને તપ કરે છે.

ત્યાં ચાર ચોર આવ્યા. જાલંધરનાથને પગે લાગીને માનતા માની: "જો અમે આજે કોઈ રાજમહેલ ફાડશું તો તેમાંથી એક અમૂલ્ય વસ્તુ આપને ભેટ ધરશું."

મુનિને તો મુનિવ્રત હતાં. મુનિ કાંઈ બોલ્યા નહિ.

ચોર તો ત્યાંથી ચાલ્યા તે આવ્યા તિલક-ચંદ રાજાની રાજધાનીમાં.

રાત પડી. ચોરો ગામમાં આવ્યા. પોતાની વિદ્યાના જોરે તેમણે ગામમાં સવા પહોર નિંદ્રાનું ધારણ મોકલ્યું. ગામમાં બધાં માણસો જંપી ગયાં. રાજમહેલની પાછળ આવીને ચોરોએ ચંદનઘો અને નાગફણી નાખી, ને સૌ ઉપર ચડી ગયા.

રત્નાકરવાળો હાર ખીલીએ વળગાડીને રાણી પલંગમાં સૂતાં હતાં.

ચોરોએ રાજભંડારમાથી ખૂબ ધન લીધું. ત્યાંથી રાણીના પલંગ પાસે આવતાં ખીલીએ રત્નહાર જોયો. ચોરોએ રત્નહાર પણ લીધો અને આવ્યા જાલંધરનાથ પાસે.

મુનિને પગે લાગી હાર તેમને ડોકમાં પહેરાવી દીધો. મુનિને આવી અમૂલ્ય ભેટ ધરીને ચોરો ત્યાંથી રવાના થઈ ગયા.

: ૩ :

સવાર પડી. આખા શહેરમાં હાહાકાર થઈ ગયો! "રાજભંડાર કોણે લૂંટ્યો?" ગામનું મહાજન ભેળું થઈ રાજા પાસે આવ્યું ગામમાં હડતાલ પડી.

રાજાની સવા લાખ હાથીની ને નવ લાખ તેજીની ફોજ ચારે તરફ છૂટી.

ફોજ છૂટી તે આવી જાલંધરનાથ પાસે. મુનિની ડોકમાં હાર જોયો ને મુનિને પકડ્યા! ઘણા બોલાવ્યા પણ મુનિનાં તો મુનિવ્રત તે કાંઈ બોલે?

બધા કહેવા લાગ્યા : "આ ઠીક, અત્યારે મુનિવ્રત લેવું ને રાત્રે ચોરી કરવી!"

થોડા સિપાઈઓ હાર લઈ રાજા પાસે

તેજી=ઘોડો

પહોંચ્યા ને કહ્યું : "એક બાવાની ડોકમાં આ હાર હતો; એને ગમે એટલો બોલાવીએ છીએ તો યે તે બોલતો નથી."

રાજા કહે : "એ જ ચોર હશે. ચાલો. હું પણ સાથે આવું છું."

રાજા અને બીજા માણસો જાલંધરનાથ પાસે આવ્યા. ઘણા બોલાવ્યા, ઘણી ભાલાની અણીઓ મારી, પણ મુનિનાં મુનિવ્રત કાંઈ એમ છૂટે?

રાજાએ હુકમ કર્યો : "બાંધો એ બાવાને; ચાલો, કૂવામાં નાખીએ."

તરત જ માણસો છૂટ્યા. એક પછેડીમાં જાલંધરનાથને બાંધી તેની ગાંસડી વાળી, ને કૂવા પાસે આવ્યા.

જાલંધરનાથને કૂવામાં નાખ્યા. પણ શો ચમત્કાર! પછેડી છૂટી ગઈ ને જાલંધરનાથ અધવચ જ પદ્માસન વાળીને ધ્યાનમાં બેઠા હોય તેમ રહી ગયા!

બધાને બહુ નવાઈ લાગી.

રાજા કહે : “આ તો જાદુ જાણતો લાગે છે! ચલો, ધૂળ નાખો એટલે દટાઈ જશે.”

બધા કૂવામાં ધૂળ નાખવા માંડ્યા, પણ શો ચમત્કાર! ધૂળ એના ઉપર પડે જ નહિ!

રાજાએ મોટા મોટા પથરા નાખવા કહ્યું. બધા પથરા નાખવા માંડ્યા, પણ તે યે જાલંધરનાથને ન વાગતાં તેમના ફરતી પથરાની પાળ બંધાવા લાગી.

રાજાએ કહ્યું : “આ તો ભારે જબરો જાદુગર લાગે છે! ધૂળ ને પથરાથી કૂવો બુરાવા આવ્યો પણ બાવાને કાંઈ થતું જ નથી!”

ત્યાર પછી રાજાએ લાદ નાખવાનો હુકમ કર્યો. તરત જ માણસો છૂટ્યા ને ગાંસડી બાંધી બાંધીને કૂવામાં લાદ નાખવા માંડ્યા.

હવે જાલંધરનાથ દટાયા.

પણ ત્યાં તો મુનિનાં મુનિવ્રત છૂટ્યાં ને રાજાને શાપ આપ્યો : “હે રાજા! મને તેં વગર વાંકે હેરાન કર્યો છે માટે તારું સત્યાનાશ જશે; તારા કુળનો નાશ થશે ને છ મહિના

પછી તારું યે મોત થશે.”

રાજાને ભણકારા વાગ્યા કે બાવો કંઈક બોલ્યો. રાજાએ તે શાપ સાંભળ્યો. પણ તેના પ્રધાને કહ્યું: “મહારાજ! એ તો આપને ભણકારા થયા હશે. જે બાવો આટલું કરતા છતાં ન બોલ્યો તે હવે દટાઈ ગયા પછી શું બોલે?”

: ૪ :

ગોપીચંદ રાજા નહાવા બેઠા છે. રાણીઓ તેમને નવરાવે છે. મોટી રાણી નેણાવતી રાજાના હાથપગ ચોળે છે.

રાજાના વાંસામાં ટપક ટપક પાણી પડ્યું. રાજા ચમકી ગયો. “આ શું? વાદળાં દેખાતાં નથી, વરસાદનો વખત નથી ને આ પાણી ક્યાંથી પડ્યું?”

રાજાએ ચારે તરફ નજર કરી. ઊંચે જોયું તો માતા મીણલદે ઝરૂખામાં ઊભાં છે; આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે, ને ગોપીચંદના વાંસામાં ઊનાં આંસુ પડે છે.

ગોપીચંદ કહે : "માતા ! તમે રુઓ છો? બંગાળની માતા રુએ છે? મારા રાજમાં કોઈ દુખિયું નથી, ત્યારે માતાજી! મારા જેવો પુત્ર હોવા છતાં તમને શાં દુ:ખ છે? કોઈએ આંગળી ચીંધી હોય તો આંગળી કપાવું; ગાળ દીધી હોય તો જીભ કપાવું; કહો તો ઘાણીએ ઘાલીને તેલ કઢાવું; કાંટો ભાંગ્યો હોય તો વાડ બળાવું. કહો, માતા! આવડાં તમારે શાં દુ:ખ છે?"

મીણલદે કહે : "બેટા ! આથી વળી કયું દુ:ખ મોટું હોય? આ તારી કંચન જેવી કાયા, બાપુ! એક વાર રાખમાં રોળાશે; ધૂળ ભેગી ધૂળ થશે. અરેરે! તારા પિતાની કાયાનું પણ એ જ થયું! આવી સુંદર કાયા પણ પડવાની. અરેરે!"

ગોપીચંદ કહે : "માતાજી! ત્યારે આ શરીરનો નાશ ન થાય એવો કોઈ ઉપાય છે? તમે બતાવો તેમ કરું. કહો તો ભેખ ધરું, કહો તો રાજ છોડી ચાલ્યો જાઉં."

મીણલદે કહે : "બેટા! કોઈ એવો ગુરુ

ધાર કે જેના આશીર્વાદથી આ તારી સોના જેવી કાયા અમર થઈ જાય!"

ગોપીચંદ કહે: "બા આપણા શહેરમાં એવો કોઈ જોગી નથી. કોણ ઉપદેશ આપે?"

મીણલદે કહે: "બેટા! નાહી ધોઈ ઉપર આવ; હું તને ઉપદેશ આપીશ. અને ગુરુ પણ બતાવીશ."

ગોપીચંદ સ્નાન કરી મેડીએ ગયા. માતાએ કુંવરને કહ્યું: "ભાઈ! અહીંથી થોડે દૂર એક કૂવો છે તેમાં જાલંધરનાથ નામે એક મુનિ છે. તારા પિતાએ એને ગુસ્સે કર્યા હતા, પણ તું એને પ્રસન્ન કર. એ તને અમર બનાવશે."

એમ કહી માતાએ અડદનાં ત્રણ પૂતળાં ગોપીચંદને આપ્યાં ને કહ્યું: "કૂવો ખુરાઈ ને ગુફા જેવો થઈ ગયો છે. તેના બારણામાં આ એક એક પૂતળું મૂકજે ને પછી મુનિને બોલાવજે નહિતર તારું નામ સાંભળીને જાલંધરનાથ ગુસ્સે થશે, તો તેના ગુસ્સાથી જ તું બળીને ભસ્મ થઈ જઈશ."

:૫:

ગોપીચંદ રાજા પૂતળાં લઈને ચાલ્યા.

ગામમાં ખબર પડી. આખું ગામ હલક્યું ને આવ્યું ગોપીચંદ પાસે. ગોપીચંદને કહ્યું : "મહારાજ! ઊંડા જળનાં માપ ન લેવાય. સૂતો સિંહ ન જગાડાય. આજે વર્ષોથી જેમને આપના પિતાએ કૂવામાં નાખ્યા છે તેમને બોલાવીને તમે શો ફાયદો કાઢશો? જરૂર, આપને તે બાળીને ભસ્મ કરી નાખશે."

ગોપીચંદે કોઈનું માન્યું નહિ. તે કૂવા પાસે આવીને ઊભા રહ્યા. ગુફા આગળ માતાએ આપેલું એક પૂતળું મૂક્યું ને બોલ્યા :—

"બોલો બોલો રે મારા નાથજી ને કાંઈ
નવ રે નાથોમાંના નાથજી;
શરણી આવ્યાને ઉગારી લ્યો રે ગુરુજી!
બાંય ગ્રહે તેની લાજજી."

તરત જ ગુફામાંથી અવાજ આવ્યો : "કોણ છે એ?"

હલક્યું = ટોળે મળીને ઊમટ્યું

ગોપીચંદ કહે : "પ્રભુ ! એ તો હું ગોપીચંદ. બંગાળનો રાજા, ને તિલકચંદનો પુત્ર."

જાલંધરનાથ કહે : "ખાખ થઈ જા ?"

તરત જ પેલું અડદનું પૂતળું બળીને ખાખ થઈ ગયું.

ગોપીચંદે બીજું પૂતળું મૂક્યું ને બોલ્યા :

"બોલો બોલો રે મારા નાથજી ને કાંઈ
નવ રે નાથોમાંના નાથજી;
આશરે આવ્યાને ઉગારી લ્યો રે ગુરુજી;
બાંય ગ્રહે તેની લાજજી."

જાલંધરનાથે ગુસ્સાથી ગુફાના દ્વાર સામું જોયું, ત્યાં તો બીજું પૂતળું પણ બળીને ખાખ થઈ ગયું !

ગોપીચંદે ત્રીજું પૂતળું મૂક્યું, ને તે પણ એવી જ રીતે બળી ગયું.

ગોપીચંદ વિચારવા લાગ્યા: "હવે શું કરવું ? ત્રણ ત્રણ વાર કહ્યું પણ ગુરુ પ્રસન્ન થતા નથી. આ વખતે તો હું જ ગુફા ઉપર લાંબો થઈને સૂઈ જાઉં; ભલે મને બાળીને

ખાખ કરી નાખે. આટઆટલું કરવા છતાં યોગીનો ક્રોધ ન ઊતરે તો તે યોગી શાનો ?"

આખરે ગોપીચંદ ગુફાની પાસે ગયાં ને બોલ્યા :—

"ત્રણ ત્રણ શબ્દ મારા ખાલી ગયા રે ગુરુજી !
ચોથો ખાલી નવ જાયજી;
ચોથો શબ્દ ખાલી જાય ત્યારે ગુરુજી !
યોગીપણાં કયમ કે'વાયજી."

જાલંધરનાથનો ગુસ્સો ઊતર્યો. તે બોલ્યા : "કેમ આવ્યો છે ?"

ગોપીચંદ કહે : "અમર થવા."

જાલંધરનાથ કહે : "જા, તું અમર છો; તારું રાજ કર."

ગોપીચંદ કહે : "ના ગુરુદેવ ! એમ કાંઈ અમર થવાય ? મારે હવે રાજમાં જવું નથી. તમે ગુરુ ને હું શિષ્ય. મને તમારી પાસે જ રાખો."

જાલંધરનાથ કહે : 'બેટા ! તારાથી ભેખનાં

ભગવાં કેમ પહેરાશે ? તું હીરનાં ચીર પહેરવા-વાળો ને સેજ પલંગ પર સૂનારો સાથરે કેમ સૂઈશ ? તેલ ફૂલેલનો લગાડનારો અંગે વિભૂતિ કેમ લગાડીશ ?"

ગોપીચંદ કહે : "ગુરુજી ! એ રાજપાટ અને એ હીરનાં ચીર, મારે કાંઈ ન જોઈએ. હું તો વનનું રાજ કરીશ ને અંગે વિભૂતિ લગાડીશ."

જાલંધરનાથ કહે : "બેટા ! બાર બેડાંનો તો મારો ભાલિયો છે. તારાથી એ ઊપડશે ? સવારે વહેલું ઊઠવું ને નદીએ જઈને એ ભરી આવવો. એને બીજા કોઈના હાથ ન અડે."

ગોપીચંદ કહે : "ગુરુદેવ ! દેશ મેલો પરદેશ મેલો, પણ મારા રાજમાં મારાથી પાણી કેમ ભરાય ? નદીએ પાણિયારી મને દેખે તો શહેરમાં જઈને વાત કરે."

જાલંધરનાથ કહે : "કાંઈ નહિ. જા; ખા, પી ને મજા કર, ને તારું રાજ સંભાળ.

વિભૂતિ = ભસ્મ; રાખ        મેલવું = મોકલવું

તારાથી ભેખ નહિ લેવાય."

ગોપીચંદ તો વિચારમાં પડ્યા: "હવે શું કરવું? પાણી ભરવા જઈશ તો બધા મને દેખશે; જો નહિ જાઉં તો ગુરુ એની પાસે રાખશે નહિ. પણ હવે ભેખ જ લેવો છે, ત્યારે વિચાર શો કરવો? જે થવાનું હોય તે ભલે થતું."

: ૬ :

ગોપીચંદ સવારમાં વહેલા ઊઠ્યા. નદીએ આવ્યા. નાહી ધોઈને ભાલિયો ભર્યો પણ તે ઊંચો જ ન થાય, તો ચડે તો ક્યાંથી જ? ઘણી મહેનત કરી પણ ભાલિયો માથે ચડે નહિ.

ત્યાં તો રાજમહેલની બાનડીઓ પાણી ભરવા આવી. રાજાને તેમણે ઓળખ્યા ને કહ્યું: "આ શું, બાપુ? સવા સવા લાખ હાથી જેના દરબારમાં ઝૂલી રહ્યા છે, નવ નવ લાખ ઘોડાં જેની ઘોડારમાં હણહણી રહ્યાં છે, એવો બંગાળનો રાજિયો ક્યા દુઃખે ભેખ ધરવા નીકળ્યો?"

ગોપીચંદ કહે: "હું કાંઈ બંગાળાનો રાજા નથી; હું તો જોગી જ છું. મને આ ઘડો ચડાવો. ગુરુજી વાટ જોતા હશે."

બાનડીએ ઘણું કહ્યું પણ રાજાએ માન્યું નહિ. આખરે બાનડીએ ઘડો ચડાવ્યો.

જાલંધરનાથ તો ત્રિકાલજ્ઞાની હતા; તે બધું જાણી ગયા. ગોપીચંદ પાણી ભરી ગુફા પાસે આવ્યા કે જાલંધરનાથ ધોકો લઈને ઊભા થયા ને કહ્યું: "ફેંકી દે; એને સ્ત્રીઓના હાથ અડ્યા છે."

ગોપીચંદ કહે: "ના મહારાજ! કોઈના હાથ અડ્યા નથી."

જાલંધરનાથ કહે: "ખોટું બોલે છે?" એમ કહી મારવા ધોકો ઉગામ્યો. ગોપીચંદ રોઈ પડ્યા ને પાણી ફેંકી દીધું.

જાલંધરનાથ ગોપીચંદને માથે હાથ ફેરવી બોલ્યા: "કેમ બેટા! રોઈ પડ્યો? ભેખ કાંઈ એમ લેવાય? ચાલ, પાણી ન આવ્યું તો કાંઈ નહિ. કાલે શહેરમાં જઈ ભિક્ષા માગી લાવજે.

તો તારો ભેખ સાચો ગણાશે."

ગોપીચંદ કહે: "ગુરુજી! મને ગામમાં માણસો દેખશે. હું શહેરમાં તો નહિ જાઉં."

જાલંધરનાથ કહે: "તો સુખેથી બંગાળાનું રાજ કરો. કોણ કહે છે ભેખ લ્યો?"

ગોપીચંદે આખી રાત વિમાસણમાં ગાળી. "ભેખ લેવો એ તો ખરું જ. ફકીરી લેવી અને દિલગીરી શું કરવી? જેવું નસીબ!"

:૭:

સવારમાં ઊઠી ઝોળી લઈ રાજા ગોપીચંદ શહેરમાં ભિક્ષા માગવા ઊપડ્યા. શહેરમાં જતાં જ ચારણ ને ભાટ સામા મળ્યા.

ચારણ-ભાટ કહે: "બાપુ! બંગાળાના રાજાને એવા શાં દુ:ખ પડ્યાં કે ભેખ ધર્યો? બાપુ! રાજા વિનાની રયત સૂની છે. આ ભગવાં ઉતારો ને રાજ સંભાળો."

ગોપીચંદ કહે: "હું કાંઈ ગોપીચંદ નથી. હું જન્મનો જ જોગી છું."

ચારણ-ભાટ કહે: "બાપુ! તારાએ માં

ચંદ્ર અછતો ન રહે; વાદળાંથી કાંઈ સૂરજ ઢંકાય છે? ભેખ લીધેલા અમારા રાજાને અમે ઓળખ્યા વિના કેમ રહીએ ?"

ત્યાં તો મહાજનના માણસો આવ્યા. તેમણે રાજાને ભિક્ષા માગવા નીકળેલા જોયા.

મહાજન કહે : "બાપુ ! બંગાળાના રાજાને બધી વાતે સુખ છે. માગ્યા મેહ વરસે છે; દુષ્ટ માણસો તો આપનું નામ સાંભળતાં જ કંપે છે; રૈયત બધી સુખી છે. શા દુઃખે ભગવાં ધર્યાં છે? આ ભગવા ઉતારો અને રાજ સંભાળો, મહારાજ !"

એમ કહી બધા ગોપીચંદને ઘેરી વળ્યા.

ગોપીચંદ કહે: "ભાઈઓ ! હું કાંઈ બંગાળાનો રાજા નથી. મને શા માટે રોકો છો ? હું તો જોગી જ જન્મ્યો છું."

બધાએ ઘણુંઘણું કહ્યું પણ ગોપીચંદ તો માને જ શાના?

મહાજન કહે : 'મહારાજ ! તો પછી આપ ભિક્ષા માગવી છોડી દો. આપ ઘેર-ઘેર ભીખ

માગો તેમાં અમારે શરમાવા જેવું છે. તમે કહો તો પોઠો ને પોઠો ભરીને અનાજ મોકલીએ; કહો તો વહાણુ ભરીને મોકલીએ; પણ તમે ભિક્ષા માગવા ન નીકળો."

બધાએ ગોપીચંદને દરબારી કોઠારેથી લોટ લેવા વીનવ્યા; ગોપીચંદે કોઠારે જઈ ગુરુની બીકથી થોડો જારનો, થોડો બાજરાનો, થોડો ઘઉંનો એમ બધા લોટ ભેળા લીધા; ને પછી ગુરુ જાલંધરનાથ પાસે આવ્યા.

જાલંધરનાથ ધોકો લઈ ને જ ઊભા હતા! ગોપીચંદને જોઈ બોલ્યા: "ખબરદાર, ગુફામાં પગ મૂક્યો તો! બધો લોટ ફેંકી દે. એક જ જગ્યાએથી આણેલો લોટ આપણને ન ખપે."

ગોપીચંદ કહે: "મહારાજ! એક જગ્યાનો નથી; માગીને આણ્યો છે."

જાલંધરનાથ કહે: "વળી ખોટું બોલે છે? મારો ચેલો થઈ ને? ખોટું બોલીએ તો આપણી પત જાય."

એમ કહી જાલંધરનાથે ગોપીચંદને મારવા ધોકો ઉગામ્યો.

ગોપીચંદ રોઈ પડ્યા : "માતા! તમારું ભલું થજો; તમે મને અહીં મોકલ્યો. આઝા માર ખાવા સરજેલા હશે."

"કેમ બેટા! રોઈ પડયો? જોગ કાંઈ એમ લેવાય?" એમ કહી જાલંધરનાથ ગોપીચંદના વાંસા ઉપર હાથ ફેરવવા લાગ્યા. પછી બોલ્યા : "તારાથી એ ન બન્યું તો હવે તારા રાજમહેલમાં જઈ નેણાવતી રાણીને 'મયા' કહી ભિક્ષા લઈ આવે તો તારો જોગ પૂરો થાય, ને ભેખ પૂરો લીધો કહેવાય."

ગોપીચંદ કહે : "ગુરુદેવ! બધું બને પણ એ કેમ બને? નેણાવતીને મૈયા કહેવાય? અગ્નિદેવની સાક્ષીએ જેની સાથે લગ્ન થયાં છે, હજારો માણસોની સમક્ષ મેં જેનો હાથ ઝાલ્યો છે, એને તો મૈયા ન કહેવાય. ગુરુદેવ! બીજું કહો તે કરું."

જાલંધરનાથ કહે: "બેટા! કાંઈ નહિ

સુખેથી પાછા જાઓ ને રાજ કરો. ભેખ લેવાનું કોણ કહે છે?"

ગોપીચંદ તો મૂંઝાયા "હવે શું કરવું?" બહુ બહુ વિચાર કર્યો; આખી રાત વિચાર કર્યો. છેવટે રાણી પાસે ભિક્ષા માગવાનું નક્કી કર્યું.

: ૮ :

મોટે મળસ્કે ગોપીચંદ ઊઠ્યા ને ગયા રાજમહેલમાં ભિક્ષા માગવા. બાનડીએ રાજાને ઓળખ્યા ને ગઈ દોડતી રાણી પાસે. બાનડી રાણીને કહે:—

"ઊઠો ઊઠો રે મારાં બાઈજી ને કાંઈ
સજો ને સોળ શણગારજી;
આપણા મહેલમાં એક જોગીજી આવ્યા ને
રખે ગોપીચંદ હોયજી."

રાણી કહે: "બાનડી! તું સાચું બોલતી હોઈશ તો તને સોને મઢાવીશ; પણ જો ખોટું બોલતી હોઈશ તો તારું ઘાણીએ ઘાલીને તેલ કઢાવીશ."

બાનડી કહે: "એકવાર આવો તો ખરાં!

પછી જે આપને ગમે તે કરજો. નક્કી કહું છું કે રાજાજી જ છે.”

રાણી આવીને જુએ તો બંગાળના રાજા ભગવાં પહેરીને ભિક્ષા માગવા આવ્યા છે! રાણીથી એ કેમ જોવાય?

રાણી કહે :—

“કયા મુલકના છો માનવી ને કાંઈ
કયે મુલક તમે જાઓજી;
કોણ તમારાં માતાપિતા ને કાંઈ
શું છે તમારાં નામજી.”

ગોપીચંદ કહે :—

“માતા મીણલદે, પિતા તિલકચંદ,
ગોપીચંદ એવું મારું નામજી;
ગૌડ બંગાળાનો રાજિયો ને કાંઈ,
આવ્યો છું મહેલની માંયજી.”

રાણીને ખાતરી થઈ કે નક્કી રાજા જ છે.

રાણી કહે : “બંગાળના રાજાને એવું તે શું દુઃખ છે કે ભગવાં પહેર્યાં? નાથ! આ ભગવાં ઉતારો; મારાથી નથી જોવાતું! મને આ રાજપાટ ખારાં ઝેર જેવાં લાગે છે. આપના

વિના સૂની સેજે નિદ્રા પણ નથી આવતી."

ગોપીચંદ કહે : "રાણી ! ભગવાં પહેર્યાં તે કાંઈ ઉતારવા માટે છે? મને ભિક્ષા આપો. મારે મોડું થાય છે."

રાણી કહે : "તો મને પણ સાથે લ્યો; તમે જોગી ને હું જોગણ. હું યે ભગવાં પહેરીશ. મારે આ રાજપાટને શું કરવાં છે?"

ગોપીચંદ કહે : "રાણી! તમને કાંઈ સાથે ન લેવાય. સાથે લઉં તો મારો ભેખ લાજે. મારા ગુરુ જાલંધરનાથ પણ લાજે."

રાણી કહે : "રાજા ! તમારી સાથે કોણ રહેશે? સુખદુ:ખની વાત કોની પાસે કરશો? મને સાથે લ્યો; હું તમારી સેવા કરીશ."

ગોપીચંદ કહે : "મારી સાથે મારી ધૂણી ને આ કમંડળ રહેશે. રાત્રિ સાથે હું વાતો કરીશ. ગંગા અને યમુનામૈયાનાં જળ મારાં ચરણ પખાળશે."

રાણી તેને ભેખ ધરાવનાર ઉપર ચિડાઈ ગઈ. તે બોલી :

કયે રે બાવલિયે તારી મુંડ રે મુંડાવી રાજા!
તે રે જોગીડા મરી જાયજી."

ગોપીચંદ કહે: "હં હં, રાણી! તમે ભૂલો છો. ગુરુને ગાળ ન દેવાય."

રાણી કહે: "નહિ જવા દઉં, મહારાજ! હવે બધું છોડી દો ને તમારું રાજ સંભાળો."

રાણીએ ઘણું કહ્યું પણ રાજાનું હૃદય ન પીગળ્યું. ગોપીચંદ કહે:—

"કહો તો મૈયો હું થાન જ ધાવું ને
કહો તો થઈ જાઉં તેરો પુત્રજી;
જન્મજોગીડા મને ધારજો રે કાંઈ
જન્મ કીધો મોરી માયજી."

રાણીએ હવે આશા છોડી. ગોપીચંદને ભિક્ષા આપી.

ભિક્ષા લઈ ને ગોપીચંદ ગુરું પાસે આવ્યા. ગુરુ વાટ જોઈ ને જ ઊભા હતા. તરત જ સામા દોડ્યાં, હાથમાંથી ઝોળી લઈ લીધી, ને ગોપીચંદને હૃદય સરસા ચાંપ્યા!

જાલંધરનાથ કહે: "બેટા! તેં તારો ભેખ

બરાબર ભજવ્યો છે. હું પ્રસન્ન છું. તારી કાયા અમર થઈ ગઈ છે. જા, હવે સુખેથી રાજ કર."

ગોપીચંદ કહે: "ગુરુદેવ! રાણીને મા કહી આવ્યો, હવે રાજમાં જઈ ને શું કરું? એ બધું મારે ન જોઈએ. હવે તો આપની પાસે જ રાખો."

જાલંધરનાથ કહે: "તો બેટા! હવે માતાની રજા લઈ આવો. આપણે બીજે સ્થળે જઈએ."

ગોપીચંદ કહે: "પ્રભુ! એ નહિ બને. રાણીને રડતી મૂકી આવ્યો, પણ માતા તો જે ઘડીએ જવાનું નામ દઉં તે જ ઘડીએ 'જવા નહિ દઉં!' કહીને મને બાઝી પડે. તે વખતે મારું કાંઈ ચાલે નહિ. એને કેમ તરછોડાય? તમે જો સાથે આવો તો આપણે બન્ને જઈએ."

: ૯ :

ગુરુ ને શિષ્ય બન્ને રાજમાતા મીણલદેના મહેલમાં આવ્યા.

માતાએ કુંવરને મોકલ્યો 'તો તો ખરો,

પણ હવે ભગવાં પહેરેલા કુંવરને કેમ જોવાય? કુંવરને જોઈને મીણલદેનું કાળજું કોરાઇ ગયું.

મીણલદે કહે: "કુંવર. મેં તમને ભેખ ધરવા નહોતા મોકલ્યા; મેં તો અમર થવા મોકલ્યા હતા. આ નથી જોવાતું, ભાઈ! ઝટ ભગવાં ઉતારી નાખ."

ગોપીચંદ કહે: "માતા! ભેખ વિના કાંઈ અમર થવાય? તમારે મને અમર કરવો હતો તો તે થયો. હવે મારે રાજને શું કરવું છે?"

માતાની આંખમાં શ્રાવણ ને ભાદરવો વરસવા લાગ્યા. મીણલદેએ કહ્યું:—

"બેટા, હાટ રુએ હાટ-વાણિયો,
બેટા, ચોરે રુએ ચારણ-ભાટ;
ગોપીચંદ ભેખ લીધો રે બાળાવેશમાં!
બેટા! પુત્ર નથી પરિવાર,
તારું કોણ ભોગવશે જો રાજ;
ગોપીચંદ વે'લી વળામણ રાખજે!"

માતાનું કલ્પાંત ગોપીચંદથી ન સંભળાયું. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. જાલં-

ધરનાથ પણ પીગળ્યો. તેમને મીણલદેની દયા આવી. બોલ્યા : " માતા ! તમે ! આટલું કલ્પાંત ન કરો. જાઓ, તમારા ગોપીચંદની રાણી નેણાવતીને એક પુત્ર થશે; તે રાજ સંભાળશે. અમે બાર વરશે પાછા આવશું ત્યારે તે પુત્ર હાથીની અંબાડીએ બેસી અમારી સામે આવશે. માતા ! તે દહાડે છ મહિના અમે તમારી સાથે રહેશું. કુંવરને ગાદીએ બેસાડી રાજ્યની રીતથી જાણીતો કરી ચાલ્યા જઈશું."

મીણલદેએ પુત્રને રજા આપી. તે બોલ્યાં :– " કુંવર ! બધે જજો પણ ધારાનગર ન જજો. ત્યાં તમારી બહેન છે. તેને ખબર પડશે તો તે ઝૂરી ઝૂરીને મરશે."

ગોપીચંદ કહે : " માતા ! દેશ જોયા, પર–દેશ જોયા; બધું જોયું છે પણ ધારાનગર નથી જોયું. અમે તો ત્યાં જ જઈશું."

:૧૦:

ગુરુશિષ્ય ચાલ્યા. આવ્યા ધારાનગરમાં. એક બગીચામાં આંબાના ઝાડ નીચે ઉતારો

કર્યો, ને ત્યાં રહેવા લાગ્યા.

પર્વનો દિવસ છે. બધાં નદીએ સ્નાન કરવા જાય છે. રાજમહેલની દાસીઓ પણ નદીએ સ્નાન કરવા નીકળી પડી છે.

સ્નાન કરીને પાછા વળતાં એક દાસીએ ગોપીચંદને જોયા. તરત જ ઓળખ્યા. "અરે આ તો આપણા રાણીના ભાઈ!"

દાસી દોડતી દોડતી રાણી પાસે આવી.

દાસી કહે: "બા, બા! ગામ બહારના બાગમાં એક જોગીરાજ ઉતર્યા છે. રખે ને માડી-જાયો વીર હોય!"

રાણી ચમકી ગયાં. "હેં શું કહ્યું? મારો ભાઈ જોગી અને વળી આપણા ગામના બાગમાં? મેં તો એને ખૂબ નાનો હતો ત્યારે જોયો છે. તારું કહેવું સાચું હશે તો ઠીક છે, નહિતર તારી જીભ કાપી નાખીશ, સમજી?"

રાણીએ તો રથ જોડાવ્યો ને આવ્યાં બાગમાં. દૂરથી જોગી જોયા ને ઓળખ્યા.

પર્વ=તહેવાર; પવિત્ર દિવસ

"આ તો મારો વીર!" ભગવાં જોઈ ધ્રાસકો પડ્યો. ભાઈબહેન ભેટી પડ્યાં. બહેન કહે :—

"કહે રે વીરા! તારો માલ જ ખૂટ્યો ને
કહે તો હરાણો તારો દેશ જી;
ગૌડ બંગાળાનો રાજિયો ને કાંઈ
જોગી તું કેવા સારુ થાય જી!"

ગોપીચંદ કહે : "કાંઈ નથી થયું, બહેન! બધું છે. પણ હું તો જન્મનો જોગી. મારાથી રાજમાં કેમ રહેવાય? માતાને મને અમર બનાવવો હતો. મેં ભેખ લીધો ને હવે અમર બન્યો છું!"

બહેન કહે : "તારા રાજમાં ન જવું હોય તો મારું રાજ આપું. અહીંથી હું તને જવા નહિ દઉં. બંગાળમાં જવાનું બાર વરસે છે, તો એટલાં વરસ અહીં આ બાગમાં રહો."

ગોપીચંદ તો કાંઈ બોલ્યા નહિ. જાલંધરનાથને બહેનની દયા આવી. તેમણે બાર વરસ ધારાનગરમાં રહેવાનું કબૂલ કર્યું

: ૧૧ :

બાર બાર વરસ વીતી ગયાં. નેણાવતીનો કુંવર બાર વરસનો થયો. જાલંધરનાથ અને ગોપીચંદ બંગાળામાં આવ્યા ને ખબર કહાવ્યા.

ધામધૂમથી સામૈયું થયું. બાર વરસનો કુંવર સામો આવ્યો. જાલંધરનાથ અને ગોપીચંદ હાથી ઉપર બેસીને ગામમાં આવ્યા.

ગામમાં બધે ઉત્સવ ઉત્સવ થઈ રહ્યો.

સારો દિવસ જોઇ કુંવરને ગાદીએ બેસાર્યા. છ મહિના સાથે રહી કુંવરને રાજકાજથી માહિતગાર બનાવ્યા પછી ગુરુ જાલંધરનાથ અને શિષ્ય ગોપીચંદ ગિરનાર ચાલ્યા ગયા.

કહેવાય છે કે હજુ આજે પણ ગોપીચંદ ગિરનારમાં વસે છે.

# ગોપીચંદનો રાસડો

['રાયણ' માંથી]

* * *

સોનલા વાટકડી, રૂપલા કાંચકડી,
બાળુડા જોગી ન્હાવા બેઠા રે, ભરથરી.

નહિ રે વાદલડી, નહિ રે વીજલડી,
ઓચિંતાં નીર ક્યાંથી આવ્યાં રે, ભરથરી.

એવી રે કાયા તારા બાપની હતી જો,
એવી રે કાયાનાં મૃત્યુ આવ્યાં રે, ભરથરી.

કહો તો માતાજી બાવલિયો બની જાઉં જો,
કહો તો લઉં ભગવો ભેખ રે, ભરથરી.

દેશ જાજે દીકરા, પરદેશ જાજે જો,
ન જઈશ બેનીબાને દેશ રે, ભરથરી.

દેશ જોયા રે માતા, પરદેશ જોયા જો,
બેનબાનો દેશ નથી જોયો રે, ભરથરી.

સરોવરિયા પાળે, આંબલિયા ડાળે જો,
ત્યાં ઊતરી જોગીની જમાત રે, ભરથરી.

નણદલની દીકરી, સોનબાઈ છે નામ જી,
સોનબાઈ પાણીડાંની હાર રે, ભરથરી.

કહો તો ભાભી, તણારા ભાઈને દેખાડું જો,
કહો તો દેખાડું બાળુડા જોગી રે, ભરથરી.

સાચું બોલો તો સોનબાઈ સોનલે મઢાવું જો,
ખોટું બોલો તો જીભડી વાઢું રે, ભરથરી.

ચાલો દેરાણી, ચાલો જેઠાણી,
બાળુડા જોગી જોવા જઈએ રે, ભરથરી.

થાળ ભરી શગ મોતીડાંનો લીધો જો.
વીરને વધાવાને જાય રે, ભરથરી.

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન**

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

૧ ગણુપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મંકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો


૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડીગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૪૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રૈંજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છોટાં રૈંજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળા બેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ; કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું?
૬૧ ઓતરાતી દીવાલો–:
૬૨ ઓતરાતી દીવાલો–
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના ... | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... ,, ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... | ,, ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... | ,, ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) | ,, ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) | ,, ... | ૨૩-૫૦ |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી ... ૫-૦૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... | સેટના ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... | ,, ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, ... | ૫-૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૩-૦૦ |

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ... | સેટના | ૧૫-૦૦ |
| સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ... | ,, | ૧૦-૦૦ |
| સોટી-પોટી (૩૦ પુસ્તકો) લે૦ ધનંજય શાહ | ,, | ૪૭-૫૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | ,, | ૮-૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ